# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 23-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી

સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રિક્સ શિખર સંમેલન દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શિ જિનપિંગ સાથે બેઠક કરશે
2) સ્થાનિક હવામાનની આગાહીઓ હવે ગ્રામ પંચાયત સ્તરે પણ ઉપલબ્ધ થશે.
3) પ્રિયંકા ગાંધી વાડ્રા આજે વાયનાડ લોકસભા બેઠકની પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરશે
4) દાના ચક્રવાતને પગલે ઓડિશા તેમજ ઉત્તર –પૂર્વના કેટલાંક ભાગોમાં હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી
5) મલેશિયામાં આયોજીત સુલતાન જોહર કપમાં આજે જૂનિયર ભારતીય હૉકી ટીમનો મુકાબલો ઑસ્ટ્રેલિયા સામે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PM FS BRIEFING*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રશિયાના કઝાનમાં બ્રિક્સ સંમેલન પ્રસંગે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે દ્વીપક્ષીય બેઠક કરશે.

બંને દેશો વચ્ચે નિયંત્રણ રેખા નજીક સુરક્ષા વ્યવસ્થા વિશે હાલની સમજૂતિને જોતા આ બેઠકનું મહત્વ વધી ગયું છે. પ્રધાનમંત્રી મોદી અને ચીનના રાષ્ટ્રપતિ વચ્ચે પાછલા પાંચ વર્ષોમાં થનારી આ સુનિયોજીત બેઠક થશે.

શ્રી મોદી આજે બ્રિક્સ સંમેલનને પણ સંબોધિત કરશે. તેઓ રશિયા અને ઇરાનના રાષ્ટ્રપ્રમુખો સાથે પણ દ્વીપક્ષીય બેઠક કરશે. આ પૂર્વે રાષ્ટ્રપ્રમુખ વ્લાદીમિર પુતિન સાથેની બેઠકમાં શ્રી મોદીએ ભારત, રશિયા-યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ સમાધાન માટે મદદ કરવા તૈયાર છે – એ વાત પર ભાર મૂક્યો હતો.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ પત્રકારોને જણાવ્યું કે પ્રધાનમંત્રી મોદીએ યુક્રેનના નેતૃત્વની સાથે પોતાની મુલાકાતથી રાષ્ટ્રપતિ પુતિનને અવગત કરાવ્યા હતા અને કહ્યું કે ભારત ક્ષેત્રમાં શાંતિ સ્થાપવા માટે ઇચ્છુક છે. શ્રી મોદી અને ઇરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેસકિયન વચ્ચે પણ બ્રિક્સ સંમેલન દરમિયાન બેઠક મળી હતી અને તેમણે પશ્ચિમ એશિયાની સ્થિતિ પર ચર્ચા કરી.

## *WEATHER FORECAST - GRAM PANCHAYAT*

સ્થાનિક હવામાનની આગાહીઓ હવે ગ્રામ પંચાયત સ્તરે ઉપલબ્ધ થશે. પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ આવતીકાલે દિલ્હીમાં 'ગ્રામ પંચાયત સ્તરે હવામાનની આગાહી' પહેલની શરૂઆત કરાવશે. પંચાયતી રાજ મંત્રાલય અને ભારતીય હવામાન વિભાગના સહયોગથી ગ્રામ પંચાયતોને પાંચ દિવસની દૈનિક

અને કલાકદીઠ હવામાનની આગાહી ચકાસવાની જોગવાઈ પ્રદાન કરવા માટે આ પહેલ શરૂ કરાઇ છે. આ પહેલનો ઉદ્દેશ્ય ગ્રામીણ સમુદાયોને સશક્ત બનાવવા અને પાયાના સ્તરે આપત્તિ માટે સજ્જતા વધારવાનો છે. તેનો સીધો ફાયદો દેશભરના ખેડૂતો અને ગ્રામજનોને થશે. પંચાયતી રાજ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યા પ્રમાણે સરકારના 100 દિવસના કાર્યસૂચિના ભાગરૂપે, આ પહેલ પાયાના શાસનને મજબૂત કરશે અને ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપશે.

## *ELECATION OUR ALL*

કેરળની વાયનાડ બેઠકની પેટા ચૂંટણી માટે આજે કૉંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા ઉમેદવારી પત્ર ભરશે. આ પૂર્વે તેમણે કાલપેટ્ટામાં રોડ શૉ અને એક જાહેર સભાને સંબોધન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણી દરમિયાન રાહુલ ગાંધી રાયબરેલી અને વાયનાડ – એમ બંને બેઠક પરથી જીતી જતા તેમણે વાયનાડ બેઠક જતી કરી હતી. જેની ઉપર હવે પ્રિયંકા ગાંધી ચૂંટણી લડશે.

આ તરફ ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી માટે ઝારખંડ મુક્તિ મોર્ચા – JMM અને રાષ્ટ્રીય જનતા દળ (RJD)એ ઉમેદવારોની નવી યાદી જાહેર કરી છે. JMM એ 35 સભ્યોની જ્યારે RJDએ છ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

ઝારખંડ મુક્તિ મોર્ચાના કાર્યકારી પ્રમુખ અને મુખ્યમંત્રી હેમંત સોરેન બરહેત બેઠક પરથી જ્યારે સ્પીકર રબિન્દ્રનાથ મહતો નાલા બેઠક પરથી ચૂંટણી લડશે. કલ્પના સોરેનને ગાન્ડેય બેઠક ફાળવવામાં આવી છે.

તો મહારાષ્ટ્રમાં ગઈકાલે જાહેરનામું પ્રસિદ્ધ થયાના પ્રથમ દિવસે 57 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. મહારાષ્ટ્રમાં 29 ઑક્ટોબર સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. 30 ઑક્ટોબરે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. અને 4 નવેમ્બર

સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે. મહારાષ્ટ્રમાં 20 નવેમ્બરના રોજ એક જ તબક્કામાં રાજ્યાની તમામ 288 બેઠકો માટે મતદાન થશે.

## *SITHARAMAN--USA*

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે આયુષ્માન ભારત યોજના સામાજિક સુરક્ષાના શ્રેષ્ઠ કાર્યક્રમોમાંથી એક છે. અમેરિકાની વોર્ટન બિઝનેસ સ્કૂલમાં એક સંવાદમાં તેમણે આ મુજબ જણાવ્યું હતું . તેમણે કહ્યું કે લોકોને સ્વાસ્થ્ય વીમો પૂરો પાડવાના ઉદેશ્યથી શરૂ કરાયેલ આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં છ કરોડ ત્રીસ લાખથી વધુ લોકોને દેશની વિવિધ હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવી છે. તેમણે કહ્યું કે હવે આ યોજના હેઠળ 70 વર્ષથી વધુ વયના તમામ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ડિજિટલ આધારમાળખા અંગે નાણામંત્રીએ કહ્યું કે ભારતના દરેક નાગરિક સુધી ડિજિટલ સેવાઓ પોહચે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે . આના કારણે ભારત ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની ગઈ છે.

## *JK HAJ ADVANCE AMOUT*

જમ્મુ કાશ્મીર હજ સમિતિએ વર્ષ 2025ની હજ માટે 1 લાખ 30 હજાર 300 રૂપિયાની એડવાન્સ રકમ ચૂકવવા માટેની તારીખ લંબાવી છે. અમારા આકાશવાણીનાં જમ્મુ પ્રતિનિધિ જણાવે છે કે, ભારતની હજ સમિતિએ 21 ઓક્ટબરનાં પરિપત્ર દ્વારા તારીખ લંબાવીને 31 ઓક્ટોબર, 2024 કરી છે. કામચલાઉ રીતે પસંદ કરાયેલા યાત્રીઓને પાંચ નવેમ્બર સુધી સંબંધિત ડેપ્યુટી કમિશનર્સ ઓફિસમાં હજની એડવાન્સ રકમ, હજ અરજી ફોર્મ, બાંયધરી, પે-ઇન સ્લિપ કે ઓનલાઇન રિસિપ્ટની નકલ, મેડિકલ અને ફિટનેસ સર્ટિફિકેટ, આંતરરાષ્ટ્રીય પાસપોર્ટની સ્વ-

પ્રમાણિત નકલ તથા એક પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ જમા કરાવવા સૂચના આપવામાં આવી છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## *ODISHA CYCLONE DANA*

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ચક્રવાત દાના આવતીકાલ સવાર સુધીમાં ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિવર્તિત થવાની સંભાવના છે અને તે 100 થી 120 કિમી પ્રતિ કલાકની ઝડપે ઓડિશાના દરિયાકાંઠે ત્રાટકે તેવી શક્યતા છે. હાલ તે ઓડિશાના દરિયાકાંઠે 3 કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે અને ભદ્રક જિલ્લાના ધમરા બંદર નજીક આવતીકાલે મોડી રાત્રે અથવા શુક્રવારે વહેલી સવારે જમીન પર પ્રવેશવાની સંભાવના છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ આજે સવારે ભુવનેશ્વર ખાતે કેબિનેટની બેઠક યોજી હતી, જેમાં  ચક્રવાત દરમિયાન અને પછી કરવામાં આવનાર રાહત અને બચાવ કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી. અમારા સંવાદદાતાના જણાવ્યા પ્રમાણે

ઓડિશા સરકારે જગતસિંહપુર, કેન્દ્રપારા, ભદ્રક અને બાલાસોરના દરિયાકાંઠાના જિલ્લાઓના વહીવટીતંત્રને હાઇ એલર્ટ પર રાખ્યું છે. અન્ય તમામ દરિયાકાંઠાના જિલ્લાઓને પણ

હાઈ એલર્ટ પર પણ રાખવામાં આવ્યા છે. સંભવિત અસરગ્રસ્ત થનારા વિસ્તારોમાંથી સ્થળાંતર કરાઇ રહ્યું છે. 14 દરિયાકાંઠાની તમામ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ અને પડોશી જિલ્લાઓ આજથી ત્રણ દિવસ માટે બંધ રખાયા છે. રાજ્ય સરકારે આજથી ત્રણ દિવસ માટે તમામ તબીબોની રજાઓ પણ રદ કરી દીધી છે.

## *IMD WEATHER*

હવામાન વિભાગે આજે ઓડિશા તેમજ ઉત્તર – પૂર્વના ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર પૂર્વ મધ્ય બંગાળની ખાડી ઉપર સર્જાયેલા ડિપ્રેશનને કારણે ચક્રવાતી તોફાન 'દાના' સર્જાતા કાંઠા વિસ્તારોમાં વરસાદ વરસી શકે છે.

દરમિયાન તટિય પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં આજે અને આવતીકાલે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન એજન્સીએ આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં પણ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આ તરફ મધ્ય અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાન સૂકું રહેશે.

## *MP - POCSO*

મધ્યપ્રદેશ સરકારે સગીરવયની દુષ્કર્મ પીડિતાઓને વિવિધ સુવિધાઓ આપવાનો નિર્ણય કર્યો છે

અમારા સંવાદદાતાના જણાવ્યા પ્રમાણે મધ્યપ્રદેશ કેબિનેટની બેઠકમાં, મિશન વાત્સલ્ય હેઠળ દુષ્કર્મ પીડિતાઓને શિક્ષણ, પોલીસ સહાય, પ્રસૂતિ અને નવજાત સંભાળ, મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ, કાનૂની સહાય, આરોગ્ય વીમો અને સંભાળ

સંસ્થાઓમાં આશ્રય જેવી સુવિધાઓ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજનામાં લાભ મેળવવા માટે એફઆઈઆરની નકલ હોવી જરૂરી નથી. પીડિત સગીર છોકરીને બિન-સંસ્થાકીય સંભાળ માટે દર મહિને 4000 રૂપિયા આપવામાં આવશે. કલેક્ટર મારફત આ યોજનાનો અમલ કરવામાં આવશે. આ માટે નિર્ભયા ફંડમાંથી દરેક જિલ્લાને 10 લાખ રૂપિયા આપવામાં આવશે.

## *HOCKEY JOHAR CUP*

મલેશિયામાં આયોજીત સુલ્તાન જોહર કપમાં આજે જૂનિયર ભારતીય હૉકી ટીમનો સામનો ઑસ્ટ્રેલિયાની ટીમ સાથે થશે. ભારતીય સમય અનુસાર બપોરે 3 વાગીને, 45 મિનિટ પર આ માચે શરૂ થશે. આ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમ કોચ પી. આર. શ્રીજેશના માર્ગદર્શનમાં સતત ત્રણ મેચ જીતી ચૂકી છે.

ગઈકાલે ભારતીય ટીમે મલેશિયાની ટીમને શ્રદ્ધાંનંદ તિવારી, અર્શદીપ સિંહ, પ્રિયોબાર્તા તલેમ અન રોહિતના શાનદાર ગોલની મદદથી 4-2થી હરાવ્યું હતું.

## *HOCKEY INDIA*

ભારત અને જર્મની વચ્ચે આજથી હૉકી સિરિઝનો પ્રારંભ થઈ રહ્યો છે. નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમમાં બપોરે બે વાગ્યે પ્રથમ મેચ શરૂ થશે. દાયકા બાદ રાજધાની દિલ્હીમાં આયોજીત આંતરરાષ્ટ્રીય હૉકી સ્પર્ધાને કારણે આ શ્રેણીનું વિશેષ મહત્વ છે. હરમન પ્રિત સિંહના નેતૃત્વમાં ભારતીય ટીમ વર્તમાન વિશ્વ વિજેતા ટીમ જર્મની સામે બે મેચ રમશે.

આ શ્રેણીમાં ભારત પેરિસ ઑલિમ્પિક 2024ના સેમાફાઇનલમાં 3-2થી મળેલી હારનો બદલો લેવા ઇચ્છશે.

દરમિયાન હૉકી ઇન્ડિયાએ ડિજિટલ ટિકિંગ દ્વારા સ્ટેડિયમમાં નિશુક્લ પ્રવેશની જાહેરાત કરી છે. હૉકી પ્રશંસકો ડીડી સ્પોર્ટ્સ પર આ મેચનું જીવંત પ્રસારણ નિહાળી શકશે.

## *GOLF- INDIAN OPEN*

ભારતની સૌથી પ્રતિષ્ઠિત મહિલા ગોલ્ફ ટુર્નામેન્ટ  આવતીકાલથી હરિયાણાના ગુરુગ્રામમાં  શરૂ થશે. આવતીકાલથી  શરૂ થનારી 16મી મહિલા ગોલ્ફ ટુર્નામેન્ટમાં 31 દેશોના 114 ખેલાડીઓ સામેલ થશે, જેમાંથી ભારતીય ખેલાડીઓ હિતાશી બક્ષી, વાણી કપૂર, અમનદીપ દ્રાલ અને રિદ્ધિમા દિલાવરી સહિત  27 ભારતના ખેલાડીઓ પણ શામેલ  છે.

ગત વર્ષે ત્રીજું સ્થાન મેળવનારી ભારતની દીક્ષા ડાગર અને આઠમા સ્થાને રહેલી ગૌરિકા બિશ્નોઈ પણ ટૂર્નામેન્ટમાં ભાગ લેશે. ત્રણ ભૂતપૂર્વ ચેમ્પિયન ક્રિસ્ટીન વુલ્ફ, કેમિલ ચેવેલિયર અને કેરોલિન હેડવોલ પણ આ ટુર્નામેન્ટમાં રમશે.

ભારતની અદિતિ અશોકે 2016માં પ્રથમ વખત વિમેન્સ ઈન્ડિયન ઓપન ટાઈટલ જીતીને ઈતિહાસ રચ્યો હતો.